ગાંધીનગર સમાચાર

રાજ્યમાં વરસાદના બીજા રાઉન્ડની વકી

દલિતો પરના અત્યાચાર મામલે ધરણા સદભાવના મૌન રેલીને મંજુરી જ ના મળી...!

ગાંધીનગર શહેર એસ.સી., એસ.ટી., ઓબીસી, લઘુમતી એકતા સંગઠન શકિત દ્વારા ઉના તાલુકાના મોટા સમઢિયાળા ગામે દલિતો પર થયેલા અત્યાચારને પગલે ગાંધીનગર ખાતે સદભાવના મૌન રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. જો કે રેલીને તંત્ર દ્વારા મંજુરી ન અપાતા આખરે સત્યાગ્રહ છાવણી ખાતે જાહેર સભા સંબોધવામાં આવી હતી. ગુજરાતમાં આવી ઘટનાઓનું ભવિષ્યમાં પુનરાવર્તન ના થાય તે માટે સરકાર કડકમાં કડક પગલા લે તેવી માંગણી એકતા સંગઠન શકિત દ્વારા કરવામાં આવી હતી.

ગતિશીલ ગુજરાતના ૩૦ લક્ષ્યાંકોમાં જિલ્લામાં શૂન્ય પ્રગતિ અને નબળી કામગીરી

ગાંધીનગર, તા. ૨૪

ગતિશીલ ગુજરાત અન્વયે જિલ્લાને ફાળવવામાં આવેલા લક્ષ્યાંકો પૈકી ૩૦ જેટલા લક્ષ્યાંકો એવા છે જેમાં શૂન્ય કામગીરી થયાનું બહાર આવતાં જિલ્લા કલેકટર સતીષ પટેલ ચોંકી ઉઠ્યા છે અને આ અંગે સંબંધિત વિભાગોના અધિકારીઓની એક બેઠક આ સપ્તાહમાં યોજવાના આદેશો જારી કર્યા છે.

મળતી વિગતો પ્રમાણે ૨૦૦થી વધુ જેટલા મુદ્દાઓ અંતર્ગત આ લક્ષ્યાંકો અલગ અલગ વિભાગોના ફાળવવામાં આવ્યા છે. ખાસ કરીને શહેરી વિકાસ વિભાગ, મહિલા-બાળ વિકાસ વિભાગ, સમાજ કલ્યાણ વિભાગ તેમજ આરોગ્ય વિભાગ, શિક્ષણ વિભાગના લક્ષ્યાંકોમાં સૌથી નબળી કામગીરી જોવા મળી છે.

આ લક્ષ્યાંકોની પૂર્તિ માટે હવે બે સપ્તાહ જેટલો જ સમય બચ્યો છે પરંતુ તેમાં કોઈ કામગીરી ન થઈ હોવાની વાતે સમગ્ર તંત્રમાં ભારે ચર્ચા જગાવી છે.

મળતી વિગતો પ્રમાણે ઓપન ડેફીનેશન વોર્ડ બનાવવા, પ્રોપર્ટી કાર્ડનું શહેરી વિસ્તારમાં વિતરણ કરવાનુ, શહેરી વિસ્તારમાં સુયેઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટનું વોટર રીટ્રીટ કરવા સહિતના ઘણા બધા મુદ્દાઓ છે.

કલોલ નગરપાલિકામાં સુએજ વોટરનો રીટ્રીટ કરી બગીચાને નવપલ્લવિત કરવા માટેનું કામ હાથ ધરવામાં આવ્યુ છે પણ અત્યંત ધીમી ગતિએ તે ચાલે છે.

રિસર્વે પછી પ્રમોલગેશનની કામગીરી પણ ધીમી ગતિએ ચાલી રહી હોવાની વિગતો સમીક્ષામાં બહાર આવી છે.

ગાંધીનગર શહેરમાં ખાનગી મિલ્કતધારકોને પ્રોપર્ટી કાર્ડનું વિતરણ કરવાનો પ્રોજેક્ટ ૧૯૯૫માં હાથ ધરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો પરંતુ આરંભે શુરા પછી આ ફાઈલો અભેરાઈએ ચડી ગઈ હતી. હજુ સુધી આમાં નક્કર કામગીરી થઈ શકી નથી.

શહેરી વિસ્તારમાં રિટ્રીટેડ વૉટરના ઉપયોગ માટેની ચોક્કસ નીતિનો પણ અભાવ જોવા મળી રહ્યો છે. સરકારે સેન્ટ્રલ વિસ્ટા માટે તેના ઉપયોગ સિવાય ઘણા બધા સેક્ટરોના બગીચાઓ માટે તેને ઉપયોગમાં લેવાનો નિર્ણય કર્યો હતો. આ માટે કેટલુક કામ થયુ છે પરંતુ સરિતા ઉદ્યાન, પ્રકૃતિ ઉદ્યાનમાં પણ ઉપયોગમાં લેવાની વાત હતી પરંતુ તેમાં ધીમી કામગીરી થઈ રહી હોવાનું ધ્યાને આવ્યું છે.

શહેર ભાજપનો પ્રશિક્ષણ વર્ગ અંબાજી ખાતે યોજાશે

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર શહેર ભાજપનો ત્રિદિવસીય પ્રશિક્ષણ વર્ગ અંબાજી ખાતે ૨૯, ૩૦, ૩૧ જુલાઈના રોજ યોજાશે.

રાજ્યમાં ભાજપ દ્વારા વિવિધ સંગઠનોના ચાલી રહેલા પ્રશિક્ષણ વર્ગ અંતર્ગત ગાંધીનગર શહેર ભાજપનો વર્ગ અંબાજી ખાતે યોજાશે.

૧૫૦થી પણ વધુ કાર્યકર્તાઓ આ ત્રિદિવસીય અભ્યાસ વર્ગમાં જોડાશે. પ્રદેશ પ્રમુખ વિજયભાઈ રૂપાણી, પ્રદેશ મહામંત્રી ભીખુભાઈ દલસાણિયા સહિતના આગેવાનો આ પ્રશિક્ષણ વર્ગમાં હાજરી આપનાર હોવાનું જાણવા મળેલ છે. આ ત્રિદિવસીય અભ્યાસવર્ગનું સમગ્ર આયોજન પ્રદેશના માર્ગદર્શન હેઠળ જ કરવામાં આવી રહ્યું છે. ૨૯મીએ બપોરે તે શરૂ થશે અને ૩૧મીએ બપોરે તેનું સમાપન થશે.

પાણી પુરવઠા બોર્ડની આડોડાઈ સામે સરપંચોમાં રોષની લાગણી તીવ્ર છે

ગાંધીનગર, તા. ૨૪

૧૪મા નાણાં પંચની ગ્રાન્ટમાંથી પાણી પુરવઠાને લગતા કામો માટે પાણી પુરવઠા બોર્ડની આડોડાઈથી જિલ્લાના અનેક ગામોમાં કામગીરી અટકી જવા પામી છે.

મળતી વિગતો પ્રમાણે પાણી પુરવઠા બોર્ડ દ્વારા પાણી અને ગટરના નાના કામો માટે ૧૦ ટકા વહીવટીય ખર્ચ વસુલ કરવામાં આવે છે પરંતુ આ કામ પૂર્ણ થયા બાદ કમ્પલીશન સર્ટિફિકેટ નહિ આપવાના વલણને કારણે પંચાયતોમાં નવા પ્રશ્નો ઉભા થયા છે. આ કામો સિંચાઈ વિભાગ મારફતે કરાવવા માટે સરકારે મૌખિક સૂચનાઓ આપી પણ કામપૂર્ણ થયાનું પ્રમાણપત્ર પાણી પુરવઠા બોર્ડ દ્વારા આપવામાં આવતુ નથી. જેથી આ અંગેનો ખર્ચ ઉધારી શકાતો નથી બીજી તરફ પંચાયતો એટલી આર્થિક સમૃદ્ધ નથી કે આખા ગામની કામગીરી એક સાથે કરાવી શકે.

પંચાયત વિભાગે ૧૪મા નાણાંપંચની ગ્રાન્ટ વપરાશને લઈ કેટલાક સુધારાઓ જરૂર કર્યા પરંતુ પાણી-પુરવઠા બોર્ડ માટેના કામોને લઈ કોઈ સ્પષ્ટતાઓ જારી કરવામાં ના આવતા પંચાયતોના સરપંચોમાં પણ રોષની લાગણી જન્મી છે.

કેટલીક પંચાયતોના સરપંચોએ આ મુદ્દે રાજ્યના પંચાયત મંત્રીને રૂબરૂ મળી પણ રજુઆત કરી છે. આવી ઘણી બધી સ્પષ્ટતાઓ તંત્ર દ્વારા ન કરવામાં આવતાં બીજા વર્ષે પણ ૧૪મા નાણાં પંચની ગ્રાન્ટમાંથી વિકાસના કામો શરૂ કરવા બાબતે વિલંબ થઈ રહ્યો છે.

ખાસ કરીને ગ્રામ્ય કક્ષાએ પાઈપલાઈનો ઘણી જૂની છે અને એક સાથે આખુ નેટવર્ક બદલી શકાય એટલી સક્ષમ પંચાયતો નથી. સરકારે આ બાબતે યોગ્ય વિચારણા કરવી જોઈએ તેવો સ્પષ્ટ અભિગમ પંચાયતના પદાધિકારીઓ પણ હવે જાહેરમાં સ્પ્ટ રીતે બોલતા થયા છે.

નીટ-૨ પરીક્ષા શાંતિપૂર્ણ માહોલમાં પૂર્ણ રાજ્યમાંથી ૯૦૦૦થી વધુ વિદ્યાર્થી ઉપસ્થિત

અમદાવાદ,તા. ૨૪

સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશન (સીબીએસઈ) દ્વારા નેશનલ ઈલિજીબિલીટી કમ એન્ટ્રન્સ ટેસ્ટ (નીટ)ના બીજા તબક્કાની પરીક્ષા આજે યોજવામાં આવી હતી. શાંતિપૂર્ણ માહોલમાં પરીક્ષા યોજાઈ હતી. જુદા જુદા મેડિકલ અને ડેન્ટલ કોર્સ માટે ઉમેદવારોની પસંદગી માટે આ પરીક્ષા યોજવામાં આવી હતી. આશરે ૯૦૦૦ જેટલા વિદ્યાર્થીઓ રાજ્યભરમાંથી પરીક્ષા માટે નોંધાયા હતા. અમદાવાદ શહેરમાં ૧૬ સેન્ટર પરથી આજે સવારે પરીક્ષા લેવામાં આવી હતી. વિદ્યાર્થીઓમાં ભારે ઉત્સાહ સ્પષ્ટપણે દેખાઈ રહ્યો હતો. પ્રથમ તબક્કામાં ગુજરાતમાંથી ૧૪૦૦૦ વિદ્યાર્થીઓ નીટ માટે ઉપસ્થિત રહ્યા હતા. રાજ્યમાંથી ઉપસ્થિત રહેલા વિદ્યાર્થીઓ ભારે આશાવાદી દેખાઈ રહ્યા હતા. અમદાવાદ ઉપરાંત ગાંધીનગરમાં બે, રાજકોટ, સુરત અને વડોદરામાં એક એક સેન્ટર પરથી આજે પરીક્ષા યોજવામાં આવી હતી. પહેલી મેના દિવસે પ્રથમ તબક્કામાં યોજાઈ હતી.

બીજા તબક્કા માટે ઓછા વિદ્યાર્થીઓ દ્વારા અરજી કરવામાં આવી હતી. શહેર સ્થિત કોચિંગ ક્લાસના એક શિક્ષકે આજે આ મુજબની માહિતી આપી હતી.

નીટમાં ઉપસ્થિત રહેનાર વિદ્યાર્થીઓ પૈકીના કેટલાક વિદ્યાર્થીઓએ કહ્યું હતું કે, બીજા તબક્કા માટે તૈયારીમાં રહેલા વિદ્યાર્થીઓને નીટની પદ્ધતિ મુજબ તૈયારી કરવા માટે બે મહિનાનો સમય મળી ગયો હતો. વિદ્યાર્થીઓ સારા માર્ક્સ લાવશે તેવી આશા પણ વ્યક્ત કરવામાં આવી હતી. ત્રણ કલાકની પરીક્ષા હિન્દી, અંગ્રેજી અને અન્ય પ્રાદેશિક ભાષાઓમાં યોજવામાં આવી હતી. આ પરીક્ષામાં એક પેપર ૧૮૦ ઓબ્જેક્ટિવ પ્રકારના પ્રશ્નો સાથે હોય છે જેમાં ચાર વિકલ્પો આપવામાં આવેલા છે જેમાં સાચા જવાબ ઉપર નિશાન કરવામાં આવે છે. ભૌતિક વિજ્ઞાન, રસાયણ વિજ્ઞાન, જીવ વિજ્ઞાન જેવા વિષયોમાંથી પ્રશ્નો પુછવામાં આવે છે. બોલ પોઈન્ટ પેનથી જ નિશાન કરવાની વિદ્યાર્થીઓને જરૂર હોય છે.

નીટ-૨ની પરીક્ષા - એક નજરે...

નીટની પરીક્ષા યોજાઈ	૨૪મી જુલાઈ
અમદાવાદમાં પરીક્ષા સેન્ટર	૧૬
ગાંધીનગરમાં પરીક્ષા સેન્ટર	૦૨
રાજકોટમાં સેન્ટર	૦૧
વડોદરામાં સેન્ટર	૦૧
રાજ્યભરમાંથી વિદ્યાર્થી	૯૦૦૦
એક પેપરમાં પ્રશ્નો	૧૮૦
પરીક્ષાનો ગાળો	૩ કલાક

ગાંધીનગર સમાચાર પરિવારના અરવિંદસિંહ વાઘેલાના પિતાશ્રી ભવાનસિંહનું અવસાન

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર સમાચારના સિનિયર કર્મચારી અરવિંદસિંહ વાઘેલાના પિતાશ્રી ભવાનસિંહ વાઘેલાનું શનિવારે મોડી રાત્રે પથાપુર ખાતે અવસાન થયું હતું. સદગતની અંતિમયાત્રામાં જ્ઞાતિજનો અને નાગરિકો મોટી સંખ્યામાં જોડાયા હતા.

ગાંધીનગર ખાતે પાટનગર યોજનામાં દીર્ઘકાલિન સેવાઓમાંથી નિવૃત્ત થયા બાદ ભવાનસિંહ વાઘેલા કૃષિ વ્યવસાય સાથે સંકળાયેલા હતા. સરળ અને કર્મઠ વ્યકિતત્વ ધરાવતા ભવાનસિંહભાઈ જ્ઞાતિજનો અને પેથાપુરના જનજીવનમાં જાણીતા હતા. સદગતનું બેસણું ૨૯મીને શુક્રવારે પેથાપુરના નિવાસસ્થાને રાખેલ છે.

રાજ્યમાં વરસાદના બીજા રાઉન્ડની વકી

આગામી દિવસોમાં ભારે વરસાદ થઈ શકે : છેલ્લા ઘણા સમયથી વરસાદમાં વિરામના લીધે તંત્ર-ખેડૂતો ચિંતાતૂર

અમદાવાદ, તા. ૨૪

ગુજરાતમાં ફરી એકવાર ભારે વરસાદની ચેતવણી જારી કરવામાં આવી છે. આગામી દિવસોમાં ભારે વરસાદ પડવાની ચેતવણી જારી થતાં તંત્ર પણ સાબદુ થઈ ગયું છે. પશ્ચિમી મધ્યપ્રદેશ ઉપર સર્જાયેલા અપર એર સાયક્લોનિક સરક્યુલેશનની સ્થિતિના પરિણામ સ્વરુપે ભારે વરસાદ થઈ શકે છે. પ્રાપ્ત માહિતી મુજબ અમદાવાદ શહેરમાં પણ વરસાદની શરૂઆત થઈ શકે છે. અમદાવાદ શહેરમાં ઓછા વરસાદી ઝાપટા હજુ સુધી નોંધાયા છે. છેલ્લા ઘણા દિવસથી વરસાદમાં વિરામની સ્થિતિને લઈને ફરી એકવાર ચિંતાનું મોજુ ફરી વળ્યું છે. અમદાવાદમાં આજે મહત્તમ તાપમાન ૩૫.૪ ડિગ્રી અને લઘુત્તમ તાપમાન ૨૬.૬ ડિગ્રી નોંધાયું હતું. જ્યારે સૌરાષ્ટ્રના જુદા જુદા ભાગોમાં પણ તાપમાનમાં ફેરફારની સ્થિતિ જોવા મળી હતી. અમદાવાદના કેટલાક ભાગોમાં ગાજવીજ સાથે વરસાદ પડી શકે છે.

આગામી પાંચ દિવસ માટે વરસાદની આગાહી કરવામાં આવી છે. અમદાવાદ શહેરમાં પણ લોકો વરસાદની ઉત્સુકતાપૂર્વક રાહ જોઈ રહ્યા છે. ઓછા વરસાદના કારણે જીવન જરૂરી ચીજવસ્તુઓના ભાવ પણ હાલમાં વધી ગયા છે. પાકને નુકસાન થવાની શક્યતા પણ દેખાઈ રહી છે. જુલાઈ મહિનામાં સામાન્ય રીતે સારો વરસાદ થાય છે. હજુ સુધી આ મહિનાની પૂર્ણાહુતિ થવા આવી

● અનુસંધાન પાન-૭ પર

મંડપ
કેટરીંગ
લાઈટીંગ
ફલાવરીંગ
89 80 10 1515
93 761 8000 3
93 28 89 3535
રંગવાલા કેકોરેટર્સ
ઓફીસ : હવેલી મંદિર પાસે, GHB, MLA રોડ, સેક્ટર-૨૧, ગાંધીનગર.

સરકારી/અર્ધસરકારી, સંસ્થાકીય, ધાર્મિક તેમજ અન્ય કોઈપણ જાહેર સમારંભ કે પ્રસંગ માટે પ્રચાર પ્રસાર અને સ્વાગત માટેના
હોર્ડીંગ્સ, ગેટ, ટાવર
પીલર, બેનર્સ...
93 761 80003
93 288 9 3535
89 80 10 1515

ADITYA BIRLA GROUP
લીકેજ-મુકત ઘરો માટે
UltraTech SEAL & DRY
Total Waterproofing Solution
Waterproofing ka champion
શ્રી સ્વામીનારાયણ એન્ટરપ્રાઈસીસ
એસ-૬, બીજો માળ, અપના બજાર, સેક્ટર-૬, ગાંધીનગર
કોલ કરો : ૯૯૨૫૦ ૩૯૬૭૨, ૭૬૯૮૬ ૮૮૮૧૧.
મકાનના ૧૦૦% વોટર પ્રુફીંગ કામ માટે મળો.

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧
ફોન - ૨૩૨૩૭૫૭૧

ઈંટનો શ્રેષ્ઠ, સસ્તો અને મજબૂત વિકલ્પ
ફ્લેટ, બંગલો, બાઉન્ડ્રી વોલ, ઈન્ડસ્ટ્રીયલ વોલ, સ્કૂલ, હોસ્પિટલ માટે
● ઈંટો કરતા વધારે મજબૂત અને ત્રીજા ભાગનું વજન
● ઝડપી કામ તેમજ સીમેન્ટ, રેતી, પાણી અને મજુરીમાં મોટી બચત
● ઓછી કિંમત
● દિવાલો ખૂબ જ ઓછી તપે જેથી અંદરનું વાતાવરણ ઠંડુ રહે
● ઉધઈ અને કીટક પ્રતિરોધક
● ઈલેક્ટ્રીક અને પ્લમ્બીંગ કામ માટે એકદમ સરળ
● મશીન કટ દ્વારા પરફેક્ટ સાઈઝ, એકધારી ગુણવત્તા
● ઘોંઘાટ સામે રક્ષણ (High Sound Insulation)
● દિવાલોમાંથી નિકળતા ક્ષારથી મુક્તિ
ડીલર ઈન્કવાયરી આવકાર્ય
ECO GREEN
Autoclaved Aerated Concrete Blocks
ગાંધીનગર-ચિલોડા હાઈવે, આર્મી કેમ્પ સામે, તા. જી. ગાંધીનગર | ફોન : ૭૩૫૯૪૮૮૮૨૦
sales@ecogreenproducts.in | www.ecogreenproducts.in

HOT SPOT in HOT SEASON for FAMILY PICNIC

Managed by : rudraksh 98258 03299
નિરવતાનો રવ...
bansari Greens
Special Discount Packages for two Persons*
2 Night Stay @ Rs. 8,500+Tax (Monday to Friday) (Except Festivals)
2 Night Stay @ Rs. 9,500+Tax (Saturday-Sunday & Holidays)
Offer Includes Lunch - Hi-tea - Dinner & Morning Breakfast.
We also offer indoor - outdoor Games & Swimming.
* conditions apply
For Booking Call
Ashish Soni : 70690 96551
Biren Shrimali : 99249 31224
Hiren Mehta : 70690 96550
Nr. Grambharti, Gandhinagar-Mahudi Road, At. Aluva, Dist. Gandhinagar.
e-mail : info@bansarigreensresort.com, www.bansarigreensresort.com

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
VINAYAK500 TMT BARS - ISI
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com